Friday
21.08.2026
*Volume :11 * Issue No.48
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત　　　　વંદે માતરમ્

# કમલમ્

KAMALAM　ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક　Daily

RNI No.:GUJGUJ/2016/73451

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વોશિંગટન ડી.સી.માં વોલમાર્ટના એક્ઝિક્યુટીવ વાઈસ પ્રેસિડેન્ટ શ્રીયુત ડેન બ્રાયન્ટ સાથે વન-ટુ-વન બેઠક યોજી

## ગુજરાતના MSME અને નાના કારીગરો માટે સંભવિત વૈશ્વિક તકો અંગે વાયબ્રન્ટ સમિટ-૨૦૨૭માં સ્પષ્ટ રોડમેપ જાહેર કરવાનો ફળદાયી પરામર્શ

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ગુજરાત ડેલિગેશન સાથે યુ.એસ.-કેનેડાના સાપ્તાહિક પ્રવાસ અંતર્ગત સાન ફ્રાન્સિસ્કોની સફળ મુલાકાત પૂર્ણ કરીને બુધવારે વોશિંગટન ડી.સી. પહોંચ્યા હતા. વોશિંગટન ડી.સી.માં મુખ્યમંત્રીશ્રીની વન ટુ વન બેઠકના ઉપક્રમમાં વોલમાર્ટના એક્ઝિક્યુટીવ વાઈસ પ્રેસિડેન્ટ શ્રીયુત ડેન બ્રાયન્ટ સાથે તેમણે બેઠક યોજી હતી. ગુજરાત મોટા પાયે MSME ઉદ્યોગો ધરાવે છે તે સંદર્ભમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથેની આ બેઠકમાં વોલમાર્ટના ગ્લોબલ પબ્લિક પોલિસી એન્ડ ગવર્નમેન્ટ અફેર્સના એક્ઝિક્યુટીવ વાઈસ પ્રેસિડેન્ટ શ્રી બ્રાયન્ટે રાજ્યના વિશાળ MSME પુલને સેન્સીટાઈઝ કરીને ગુણવત્તા સુધારણા દ્વારા નિકાસ તકો વધારવા અંગે પરામર્શ કર્યો હતો. વોલમાર્ટ દ્વારા વૃદ્ધિ કાર્યક્રમ અંતર્ગત ૨૦૧૯થી અત્યાર સુધીમાં ૧.૧૫ લાખથી વધુ MSMEs ને તાલીમ આપવામાં આવી છે એટલુ જ નહિ, ૨૦૨૮ સુધીમાં ૧.૭૦ લાખ MSMEને તાલીમ પૂરી પાડવાનો લક્ષ્યાંક તેમણે રાખ્યો છે તેની વિગતો શ્રીયુત બ્રાયન્ટે મુખ્યમંત્રીશ્રી સમક્ષ આપી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વોલમાર્ટ અને રાજ્ય સરકારના સંબંધિત વિભાગો સાથે મળીને વર્કશોપના આયોજનોથી MSMEની સેક્ટરલ સંભાવનાઓની ઓળખ કરે તે માટે પણ ચર્ચાઓ કરી હતી. રાજ્ય સરકાર અને વોલમાર્ટ આગામી ૩થી ૪ મહિનામાં આવા MSME અને નાના કારીગરો માટે સંભવિત વૈશ્વિક તકો પર સાથે મળીને કામ કરી શકે તે માટે પરસ્પર વિમર્શ થયો હતો. આગામી વાયબ્રન્ટ સમિટ-૨૦૨૭ દરમિયાન આ અંગે એક સ્પષ્ટ રોડમેપ જાહેર કરવાની દિશામાં પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને શ્રીયુત બ્રાયન્ટે તથા ડેલિગેશને ફળદાયી મંત્રણાઓ કરી હતી. આ વનટુ વન બેઠકમાં મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસ, નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી ટી. નટરાજન, ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી મમતા વર્મા, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર પણ ઉપસ્થિત રહ્યાં હતાં.





# નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં નેશનલ રેસ્ટોરન્ટ એસોસિયેશન ઑફ ઈન્ડિયા દ્વારા આયોજિત પાંચમી ફૂડ ડિલીવરી સમિટ-૨૦૨૬નો પ્રારંભ

કમલમ્,

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં નેશનલ રેસ્ટોરન્ટ એસોસિયેશન ઑફ ઈન્ડિયા (NRAI) દ્વારા આયોજિત પાંચમી ફૂડ ડિલીવરી સમિટ-૨૦૨૬નો પ્રારંભ અમદાવાદમાં થયો હતો. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષસંઘવીએ જણાવ્યુ હતું કે દેશના અર્થતંત્રમાં મજબૂત સહયોગ આપનાર ફૂડ સેક્ટરને ગંભીરતાથી લેવું રહ્યું. દેશના કુલ અર્થતંત્રમાં ફૂડ અને ફૂડ રિલેટેડ બિઝનેસ અંદાજે રૂ. ૫.૬૯ લાખ કરોડનું યોગદાન આપે છે. આગામી સમયમાં આ યોગદાન રૂ. ૭.૫ લાખ કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે. આજે આ સેક્ટરમાં આશરે ૭૫ લાખ કરતાં વધારે લોકોને રોજગારી મળી રહી છે. આગામી સમયમાં એક કરોડથી વધુ લોકોને આ સેક્ટર દ્વારા રોજગાર પ્રાપ્ત થવાનો અંદાજ છે. બહુ ઓછા સેક્ટર આટલા મોટા પ્રમાણમાં રોજગારી આપતા હોય છે, એવું તેમણે ઉમેર્યું હતું. નાયબ મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે આજે રિન્યુએબલ એનર્જી કે છે ત્યારે ખાસ કરીને ગુજરાતના રેસ્ટોરન્ટ માલિકો અને ફૂડ ડિલીવરી સેક્ટર સાથે સંકળાયેલા લોકોને ખાસ અપીલ છે કે તેઓ ફૂડ ડિલીવરી માટે પેટ્રોલને બદલે ઈલેક્ટ્રિક વાહનનો ઉપયોગ કરવાનો આગ્રહ રાખે તો ફૂડ ડિલીવરીનો ખર્ચ કિલોમીટર દીઠ ૨.૫ રૂપિયાને બદલે ૫૦ પૈસા જેટલો નીચો આવી શકે અને પર્યાવરણનું પણ રક્ષણ થઈ શકે, એવો અનુરોધ કરવામાં આવ્યો હતો. શ્રી સંઘવીએ વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૭માં ગિફ્ટ સિટીનું સપનું જોયું હતું ત્યારે તેને દિવાસ્વપ્ન ગણાવાયું હતુ પરંતુ આજે ફિટ ટેક સિટીએ ગાંધીનગરમાં આકાર લઈ લીધો છે. આજે ગિફ્ટ સિટીમાં દુનિયાભરમાંથી ફિન ટેક ક્ષેત્રે એકર ઈન્વેસ્ટમેન્ટ આવી રહ્યું છે. મોટા પાયે બુલયન ટ્રેડિંગ થઈ રહ્યું છે. વડાપ્રધાનશ્રીના વિઝનથી સાકાર થયેલા ગિફ્ટ સિટીમાં પણ ફૂડ સેક્ટર માટે અનેક તક છે. ગુજરાત ઈમોશનલ અને ઓપોર્ચ્યુનિટીઝ ધરાવતું રાજ્ય છે. આ તમારા સપનાંઓને સાકાર કરતું રાજ્ય છે. ગિફ્ટ સિટીમાં રોકાણ કરીને તમે તમારા સપનાંઓ સાકાર કરી શકો છો, એવું તેમણે ઉમેર્યું હતું. નાયબ મુખ્યમંત્રીશ્રીએ મોટાં શહેરો ઉપરાંત ગુજરાતમાં સ્ટેચ્યૂ ઑફ યુનિટી, શિવરાજપુર બીચ, ધરોઈ ડેમ, કચ્છનું સફેદ રણ, ગીર વગેરે સ્થળોએ પણ પોતાનો ફૂડ બિઝનેસ શરૂ કરવા માટે અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતુ કે આ પ્રવાસન સ્થળોએ અમે માળખાકીય સુવિધા અને અન્ય સગવડો કરી આપીશું, તમે સારા આઈડિયા સાથે આવો તો રાજ્ય સરકાર તમને તમામ સહયોગ આપવા તૈયાર છે. તમારે કેપેક્સનું જોખમ લેવાનું નથી. ઓપેક્સ તમારી રીતે કરો. ગુજરાત રોકાણની સામે સારું વળતર આપતું રાજ્ય છે.સ્ટેચ્યૂ ઑફ યુનિટથી લઈને કચ્છ-ગીર સુધી ફૂડ ડિલીવરી ઈકોસિસ્ટમ વિકસાવવામાં રાજ્ય સરકારનો સંપૂર્ણ સહયોગ રહેશે, એવું તેમણે ઉમેર્યું હતું. શ્રી સંઘવીએ ફૂડ ડિલીવરી સમિટ પ્રકારના વાર્ષિક ઉત્સવો-બેઠકો ગુજરાતમાં જ યોજવા માટે પણ અનુરોધ કરીને તમામ સરકાર તરફથી તમામ સહયોગ મળી રહેશે, એવું જણાવ્યું હતું. આ પ્રસંગે NRAIના પ્રેસિડેન્ટ સાગર દરયાનીએ સ્વાગત પ્રવચન કર્યું હતું તો NRAIના અમદાવાદ ચેપ્ટરના હેડ આનલ કોટકે સૌને આવકાર્યા હતા. આ સમારંભમાં નેશનલ રેસ્ટોરન્ટ એસોસિયેશન ઑફ ઈન્ડિયા (NRAI)ના વાઈસ પ્રેસિડેન્ટ પ્રણવ રુંગટા, કો-ચેપ્ટર હેડ દિલીપ ઠક્કર, ટ્રેઝરર ચિરાયુ અગ્રવાલ, જોઈન્ટ સેક્રેટરી પંકજ પાઠક અને દર્શન દાસાણી સહિતના હોદ્દેદારો અને રેસ્ટોરન્ટ બિઝનેસ સાથે સંકળાયેલા વ્યાવસાયિકો ઉપસ્થિત રહ્યા હતા. આ એક દિવસીય સમિટમાં ૩૦થી વધુ શહેરમાંથી ૧૫૦૦થી વધુ બ્રાન્ડ સાથે સંકળાયેલા ૫૦૦૦થી વધારે લોકો વિવિધ સત્રો અને કાર્યશાળાઓમાં સહભાગી થયા છે.









# અમદાવાદ સાયબર ક્રાઈમ દ્વારા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં 'કણાદ શીલ્ડ' સાયબર સિક્યોરિટી હેકાથોન-૨૦૨૬ યોજાઈ

## "સાયબર હેકાથોન માત્ર સ્પર્ધા નથી, પરંતુ ગુજરાત પોલીસને નવી દિશા આપતી પહેલ છે": નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી







## વિકસિત ગુજરાતના નિર્માણમાં ભાગીદાર બનવા રાજ્યના ટેક-સેવી યુવાનોને નાયબ મુખ્યમંત્રીશ્રીનું જાહેર આહ્વાન

કમલમ્,

ડિજિટલ યુગમાં સાયબર સુરક્ષાને વધુ સુદ્રઢ બનાવવા અને કાયદો-વ્યવસ્થા જાળવતી એજન્સીઓને આધુનિક ટેક્નોલોજીથી સજ્જ કરવાના ઉદ્દેશ સાથે અમદાવાદ સ્થિત KCG કેમ્પસ (i-Hub Gujarat) ખાતે 'KANAD SHIELD'- સાયબર સિક્યોરિટી હેકાથોન-૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત પોલીસની અમદાવાદ સાયબર ક્રાઈમ દ્વારા આયોજિત આ રાષ્ટ્રીય કક્ષાના હેકાથોનમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ હતું કે, "આ હેકાથોન માત્ર એક સ્પર્ધા નથી, પરંતુ સાયબર ક્રાઈમ સામે લડવા ગુજરાત પોલીસને નવી દિશા આપતી એક અત્યંત મહત્વપૂર્ણ પહેલ છે." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, "આગામી ૧૦ વર્ષોમાં પરંપરાગત ગુનાઓની સરખામણીએ સાયબર ગુનાઓનું પ્રમાણ વધવાની શક્યતા છે. આ સમસ્યા માત્ર ગુજરાત પૂરતી સીમિત ન રહેતાં વૈશ્વિક સ્તરે વિસ્તરી ચૂકી છે.

સમાજજીવનને સ્પર્શતા આવા ગંભીર ગુનાઓના નિવારણ માટે સહિયારા અને સઘન પ્રયાસો હાથ ધરવા અનિવાર્ય છે." સામાન્ય રીતે મોટા પ્રોજેક્ટ્સમાં કોર્પોરેટ કંપનીઓને પ્રાથમિકતા મળતી હોય છે, પરંતુ આ હેકાથોન થકી દેશના નવયુવાનો, સ્ટાર્ટ-અપ્સ અને યુવા ઈનોવેટર્સને પોતાના મૌલિક વિચારો તથા સોફ્ટવેર સોલ્યુશન્સ પ્રદર્શિત કરવાનો સોનેરી અવસર પ્રાપ્ત થયો છે તેમ નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યુંહતું. તેમણે ટેક્નોલોજીના આધુનિકીકરણ પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે, "હાલ સીસીટીવી મારફતે આપણને વિઝ્યુઅલ ફૂટેજ મળે છે, પરંતુ હવે તેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત ઓટોમેટેડ સોફ્ટવેર સિસ્ટમ લાવવી સમયની માંગ છે. રાજ્યના તમામ સીસીટીવી નેટવર્કને ઈન્ટિગ્રેટ કરી AI-આધારિત સિસ્ટમ વિકસાવવા માટે ૫૧ લાખનું વિશેષ ચેલેન્જ મૂકવામાં આવ્યું છે."

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, "આ પ્રોજેક્ટ માત્ર ઈનામી રકમ જીતવા પૂરતો મર્યાદિત નથી. હેકાથોનના વિજેતા યુવાનો અને તેમના સ્ટાર્ટ-અપ્સને આગામી સમયમાં રાજ્ય સરકાર સાથે સીધા જોડાઈને કામ કરવાની તક મળે તે દિશામાં પણ સક્રિય વિચારણા ચાલી રહી છે."

આ તકે તેમણે રાજ્યના તમામ ટેક-સેવી યુવાનોને આ સાયબર ચેલેન્જમાં જોડાઈને 'વિકસિત ગુજરાત'ના નિર્માણમાં સહભાગી બનવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે રાજ્યના પોલીસ વડા શ્રી જી. એસ. મલિક, શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મુકેશ કુમાર, અમદાવાદ શહેર પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગેહલોત, ગૃહ સચિવ શ્રી નિપુણા તોરવણે, અમદાવાદ રેન્જ આઈજીપી શ્રી રાઘવેન્દ્ર વત્સ, જેસીપી (ક્રાઈમ બ્રાન્ચ) શ્રી શરદ સિંઘલ સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ, સાયબર તજજ્ઞો, i-Hubના પ્રતિનિધિઓ તેમજ મોટી સંખ્યામાં આઈટી નિષ્ણાતો અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# નાગરિકોના દ્વારે પ્રશાસન: ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી રવિન્દ્ર ખતાલેનો લોકઅભિમુખ અભિગમ

**કલેક્ટર શ્રી રવિન્દ્ર ખતાલેએ રાંદેસણ, રતનપુર અને શાહપુરમાં વિકાસકાર્યો અને સુવિધાઓની રૂબરૂ મુલાકાત દ્વારા સમીક્ષા કરી**



## કલેક્ટરશ્રીએ ગામડાઓમાં ગ્રામજનો સાથે યોજ્યો પ્રત્યક્ષ સંવાદ, લીધો ગ્રામજનોનો અભિપ્રાય

કમલમ્,

નાગરિકોની સુવિધા, સુરક્ષા અને સેવાના ઉમદા ભાવ સાથે ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી રવિન્દ્ર ખતાલે સતત ગ્રામ્ય વિસ્તારોની પ્રત્યક્ષ મુલાકાત લઈ રહ્યા છે. સામાન્ય રીતે નાગરિકો પોતાની સમસ્યાઓ કે રજૂઆતો લઈને જનસેવા કેન્દ્ર કે પ્રશાસન સુધી પહોંચતા હોય છે, પરંતુ કલેક્ટરશ્રી પોતે સીધા નાગરિકોના ઉંબરે પહોંચીને એક સરાહનીય પહેલ કરી રહ્યા છે. જિલ્લાના વડા તરીકે રૂબરૂ સીધો સંવાદ સાધીને સ્થાનિક મુશ્કેલીઓને પ્રાથમિક ધોરણે સમજવી, સરકારી યોજનાકીય લાભો લોકો સુધી સરળતાથી પહોંચાડવા અને ગ્રામજનોના પ્રશ્નોનું સ્થળ પર જ સચોટ તેમજ અસરકારક નિરાકરણ લાવવું એ આ મુલાકાતોનો મુખ્ય અગ્રતાક્રમ અને હેતુ છે. આ અનુસંધાને કલેક્ટરશ્રી, ગાંધીનગર રવિન્દ્ર ખતાલે દ્વારા તા. ૧૯/૦૮/૨૦૨૬ ના રોજ ગાંધીનગર તાલુકાના રાંદેસણ, રતનપુર અને શાહપુર ગામોની રૂબરૂ સ્થળ મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન કલેક્ટરશ્રીએ ત્રણેય ગામોના દફતરની સામાન્ય તથા તપાસણી કરી વહીવટી કામગીરીની ચકાસણી કરી હતી. મુલાકાત અંતર્ગત કલેક્ટરશ્રીએ ગામના અગ્રણીઓ સાથે બેઠક યોજીને સ્થાનિક પ્રશ્નો અંગે વિગતવાર ચર્ચા કરી હતી, જેમાં રાંદેસણ ગામ, ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ થયા બાદ ગામને મળનારા વિવિધ લાભો તથા, રતનપુર અને શાહપુર ગામ ગાંધીનગર ગિફ્ટ સિટી વિસ્તારમાં આવ્યા પછી ગામોને થનારા વિકાસલક્ષી ફાયદાઓ અંગે સમીક્ષા કરવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન પીવાના પાણીની સુવિધા, ડ્રેનેજ સિસ્ટમ, ગામના રોડ-રસ્તા, વીજળી પુરવઠો અને બાંધકામ ક્ષેત્રને લગતા મુખ્ય સ્થાનિક પ્રશ્નોની વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. તદુપરાંત, કલેક્ટરશ્રીએ ગામની શાળા, આંગણવાડી અને આરોગ્ય કેન્દ્રની સ્થળ મુલાકાત લઈને ત્યાં ઉપલબ્ધ ભૌતિક સુવિધાઓની ખાતરી કરી હતી.

આ દરમિયાન રતનપુર ગામની આંગણવાડીની બહેનો સાથે વિશેષ ચર્ચા કરી ગામમાં કોઈ કુપોષિત બાળકો છે કે, કેમ તે અંગેની વિગતો મેળવી જરૂરી સૂચનાઓ આપી હતી. આ મુલાકાત દરમિયાન કલેક્ટરશ્રી દ્વારા ત્રણેય ગામોના ગૌચર તથા સરકારી પડતર જમીનની અદ્યતન સ્થિતિની પણ ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી.

**પ્રાકૃતિક કૃષિ તાલીમ શિબિર: સમૃદ્ધિ અને આરોગ્યની નવી દિશા**

# ગાંધીનગરના શિહોલી મોટી ખાતે 'પીકેવીવાય' યોજના હેઠળ પ્રાકૃતિક કૃષિ તાલીમ કાર્યક્રમ અને વર્કશોપ યોજાયો



કમલમ્,

ગાંધીનગર જિલ્લાના શિહોલી મોટી ગામ સ્થિત 'પ્રાંતેનમા પ્રાકૃતિક ફાર્મ' ખાતે ૧૯ ઓગસ્ટના રોજ પરંપરાગત કૃષિ વિકાસ યોજના (PKVY) હેઠળ ગાંધીનગર જિલ્લાના ખેડૂતો માટે એક દિવસીય તાલીમ અને વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ગુજરાત પ્રાકૃતિક કૃષિ ફેડરેશનના પ્રમુખ અને ગુજરાત પ્રદેશ સહપ્રવક્તા શ્રી હિતેન્દ્રભાઈ પટેલ તથા શ્રી શ્રી રવિશંકર વ્યક્તિ વિકાસ કેન્દ્ર, બેંગલુરુના ગુજરાતના પ્રતિનિધિ શ્રી ચિંતનભાઈ વ્યાસની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. આ વર્કશોપમાં ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પ્રાકૃતિક ખેતીના વિવિધ પાસાઓ, પરંપરાગત કૃષિ વિકાસ યોજનાના લાભો તેમજ ટેકનિકલ સપોર્ટ એજન્સીની કામગીરી અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ દરમિયાન ખેડૂતો અને તજજ્ઞો વચ્ચે પ્રાકૃતિક કૃષિ અંગેના વિચારોનું આદાન-પ્રદાન પણ થયું હતું. આ તાલીમ શિબિરમાં ગાંધીનગર જિલ્લાના બહોળી સંખ્યામાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને વ્યવસ્થા 'નરેન્દ્ર મંદીર - શિહોલી મોટી' દ્વારા કરવામાં આવી હતી.

# 'વિકાસ પણ, વિરાસત પણ'ના સંકલ્પ સાથે ગુજરાતમાં સંસ્કૃતનું મહા જનઅભિયાન

**સંસ્કૃત સપ્તાહ માત્ર એક ઉજવણી નહીં, સંસ્કાર અને જનજાગૃતિનું અભિયાન- ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના ચેરમેનશ્રી**



કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે લોકાર્પિત તથા રાજ્યકક્ષાની ઉચ્ચસ્તરીય સ્થાયી સમિતિમાં નિર્ધારિત 'સંસ્કૃત સપ્તાહ મહોત્સવ' અંતર્ગત તા. ૨૫ થી ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન ગુજરાતમાં સંસ્કૃત સપ્તાહની રાજ્યવ્યાપી ઉજવણી કરવામાં આવનાર છે. આ વર્ષે સંસ્કૃત સપ્તાહને શાળા, મહાવિદ્યાલય અને યુનિવર્સિટી ત્રણેય સ્તરે તથા જિલ્લા અને તાલુકા વહીવટીતંત્રની સક્રિય ભાગીદારી સાથે વ્યાપક સ્વરૂપ આપવામાં આવ્યું છે. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા શિક્ષણ મંત્રી શ્રી ડૉ. પ્રદ્યુમન વાજાની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચસ્તરીય ઓનલાઈન બેઠકમાં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના ચેરમેન શ્રી હિમાંજય પાલીવાલ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તથા યુનિવર્સિટીના કુલસચિવશ્રીઓ જોડાયા હતા. આ વર્ષે સંસ્કૃત સપ્તાહની ઉજવણીને માત્ર શિક્ષણ વિભાગ પૂરતી મર્યાદિત રાખવામાં આવી નથી. જિલ્લા કક્ષાએ જિલ્લા કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં જિલ્લા સ્તરીય અમલીકરણ સમિતિ, તાલુકા કક્ષાએ મામલતદારશ્રીની અધ્યક્ષતામાં તાલુકા સ્તરીય અમલીકરણ સમિતિની રચના કરવામાં આવશે. આ સમિતિઓમાં શિક્ષણ તંત્ર ઉપરાંત સ્થાનિક વહીવટીતંત્ર, સંસ્કૃતજ્ઞો, શિક્ષણવિદો તથા સામાજિક સંસ્થાઓને જોડવામાં આવ્યા છે. જિલ્લા અને તાલુકા કક્ષાએ સંસ્કૃત ગૌરવ, સંસ્કૃત સંભાષણ, સંસ્કૃત સાહિત્ય તથા સુભાષિત આધારિત વિવિધ કાર્યક્રમો યોજી સંસ્કૃતને જનભાગીદારી સાથે જોડવામાં આવશે. તા. ૨૫ ઓગસ્ટથી સંસ્કૃત ગૌરવ યાત્રા સંસ્કૃત ગીતો, સુભાષિતો, સંસ્કૃત ગ્રંથો તથા સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ સાથે શોભાયાત્રા વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ અને નાગરિકોની ભાગીદારીથી ઉજવણી શરૂ કરવામાં આવશે. તા. ૨૭ ઓગસ્ટના રોજ સંસ્કૃત સંભાષણ દિવસ શાળા, તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાના અધિકારીઓ, વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ દ્વારા દૈનિક વ્યવહારમાં સંસ્કૃતનો ઉપયોગ. સોશિયલ મીડિયા પર સંસ્કૃત સંદેશાઓનો પ્રસાર કરાશે. ૨૯ ઓગસ્ટ સંસ્કૃત સાહિત્ય દિન નિમિત્તે વેદ, ઉપનિષદ, શ્રીમદ્ ભગવદ્ ગીતા, રામાયણ, મહાભારત, મહાકાવ્યો અને સુભાષિતોનું વાચન, વ્યાખ્યાન, પુસ્તક પ્રદર્શન, કાવ્યપઠન અને નિબંધ સ્પર્ધાઓ યોજાશે. તા. ૩૧ ઓગસ્ટના રોજ સામૂહિક સુભાષિત પઠન દિવસે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા વિવિધ પ્રસંગોએ ઉલ્લેખિત ૧૦ પ્રેરણાદાયી સંસ્કૃત સુભાષિતોનું સામૂહિક પઠન અને રાજ્યસ્તરીય સમાપન નું આયોજન કરવામાં આવ્યું છે. પ્રધાનમંત્રીશ્રીના સંસ્કૃત પ્રત્યેના સત્સંકલ્પને જનઆંદોલનનું સ્વરૂપ તેમજ 'વિકાસ પણ, વિરાસત પણ'ના સંકલ્પ સાથે ભારતની જ્ઞાનપરંપરા અને સાંસ્કૃતિક વારસાના સંવર્ધનને નવી દિશા મળી છે.

NEP-2020 માં ભારતીય ભાષાઓ અને સંસ્કૃતને વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે. "સંસ્કૃત માત્ર એક ભાષા નથી; તે ભારતની જ્ઞાનપરંપરા, સંસ્કૃતિ અને રાષ્ટ્રીય ચેતનાનું જીવંત સેતુ છે. પરિપત્રનું પ્રસરણ એ કાર્યનો અંત નથી; દરેક શાળામાં પ્રવૃત્તિ થાય, દરેક વિદ્યાર્થી સંસ્કૃત સાથે જોડાય અને સમાજમાં સંસ્કૃત પ્રત્યે ગૌરવની ભાવના જાગે એ જ આ આયોજનની સાચી સફળતા છે." તેમ શ્રી હિમાંજય પાલીવાલ ચેરમેનશ્રી, ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા જણાવવામાં આવ્યું છે. આ આયોજન અંતર્ગત શ્લોકપઠન, ગીતા પઠન, નિબંધ-વક્તૃત્વ, પ્રદર્શન, સંસ્કૃત નાટ્ય, અને ડિજિટલ સંસ્કૃત સર્જન સહિતની પ્રવૃત્તિઓથી સમગ્ર રાજ્ય ગુંજી ઉઠશે.

# સુરત મેડિકલ કોલેજ રેગિંગ પ્રકરણ: આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના આદેશથી માઈક્રોબાયોલોજીના પ્રોફેસર ડૉ. સુમૈયા મુલ્લા ૯૦ દિવસ માટે સસ્પેન્ડ

**રેગિંગની ઘટના રોકવામાં ગંભીર બેદરકારી બદલ કડક શિક્ષાત્મક પગલાં લેવા આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ આપી સૂચના**

**વિદ્યાર્થીઓની સુરક્ષા સાથે રમતા અધિકારી ગમે તેટલા ઉચ્ચ હોદ્દા પર હશે તો પણ બક્ષવામાં નહીં આવે: આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા**

કમલમ્,

સરકારી મેડિકલ કોલેજ, સુરત ખાતે માઈક્રોબાયોલોજી વિભાગના પ્રથમ વર્ષના રેસિડેન્ટ ડૉક્ટર સ્વ. ડૉ. હર્ષ પંડ્યા રેગિંગનો ભોગ બનવાની અત્યંત ગંભીર અને દુ:ખદ ઘટના સામે આવી છે. આ ગંભીર ઘટનાને રોકવામાં તેમજ પોતાની શિસ્તબદ્ધ ક્ષમતા અને ફરજ બજાવવામાં ગંભીર નિષ્કાળજી દાખવવા બદલ, આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની કડક સૂચનાથી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા માઈક્રોબાયોલોજી વિભાગના વર્ગ-૧ ના પ્રાધ્યાપક ડૉ. સુમૈયા મુલ્લાને તત્કાલ અસરથી ૯૦ દિવસ માટે સેવામાંથી ફરજમોકૂફ (સસ્પેન્ડ) કરવાનો નિર્ણય લેવાયો છે. આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, ગુજરાતની કોઈપણ શૈક્ષણિક કે તબીબી સંસ્થામાં રેગિંગ અથવા માનસિક ઉત્પીડન સાંખી લેવામાં આવશે નહીં. રેગિંગ સામે રાજ્ય સરકારની 'ઝીરો ટોલરન્સ' નીતિ રહી છે અને આગામી સમયમાં પણ રહેશે. વિદ્યાર્થીઓની સુરક્ષા સાથે રમત કરનાર કે પોતાની ફરજમાં ગંભીર નિષ્કાળજી દાખવનાર વ્યક્તિ ગમે તેટલા ઉચ્ચ હોદ્દા પર હશે, તેમની સામે કડકમાં કડક કાયદાકીય અને શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં રાજ્ય સરકાર સહેજ પણ બાંધછોડ કરશે નહીં. આ ઉપરાંત આરોગ્યમંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, "ફરજમોકૂફી (સસ્પેન્શન)ના સમયગાળા દરમિયાન ડૉ. સુમૈયા મુલ્લાનું મુખ્ય મથક સરકારી મેડિકલ કોલેજ, વડોદરા રહેશે. આ સમય દરમિયાન સક્ષમ નિયંત્રક અધિકારીની લેખિત મંજૂરી વિના તેઓ વડોદરા સ્થિત મુખ્ય મથક છોડી શકશે નહીં. તદુપરાંત, ફરજમોકૂફી હેઠળ હોય ત્યાં સુધી તેઓ કોઈપણ પ્રકારની ખાનગી નોકરી કે વ્યાપાર-ધંધો કરી શકશે નહીં.

જો આ શરતોનો અનાદર કે ભંગ કરવામાં આવશે, તો તેમને મળવાપાત્ર નિર્વાહ ભથ્થું અટકાવી દેવાશે અને તેમની સામે વધારાની કડક શિસ્તવિષયક કાર્યવાહી હાથ ધરાશે. આ ઘટના બાદ આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ રાજ્યની તમામ સરકારી મેડિકલ કોલેજોને 'એન્ટિ-રેગિંગ સમિતિ' અને 'એન્ટિ-રેગિંગ સ્ક્વોડ'ને તુરંત વધુ સક્રિય અને સુદ્રઢ કરવાના કડક આદેશ આપ્યા છે. તેમણે વધુમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે, તમામ મેડિકલ કોલેજોએ પોતાના પરિસરમાં તબીબી વિદ્યાર્થીઓને સંપૂર્ણપણે સુરક્ષિત, શિસ્તબદ્ધ અને ભયમુક્ત વાતાવરણ પૂરું પાડવાનું રહેશે.



**નિર્દોષ વિદ્યાર્થી સ્વ. ડો. હર્ષ પંડ્યાના આત્મહત્યાના કેસમાં રાજ્ય સરકારની ઝીરો ટોલરન્સ નીતિ હેઠળ કાર્યવાહી**

## બારડોલી સુગર ફેક્ટરીના નવનિયુક્ત ડીરેક્ટરશ્રીઓએ 'શ્રી કમલમ', સુરત જીલ્લા ભાજપા, મધ્યસ્થ કાર્યાલય, બારડોલીની શુભેચ્છા મુલાકાત લીધી



કમલમ્,બારડોલી

એશિયાની સૌથી મોટી સુગર ફેક્ટરી, બારડોલી સુગર ફેક્ટરીના નવનિયુક્ત ડીરેક્ટરશ્રીઓએ 'શ્રી કમલમ', સુરત જીલ્લા ભાજપા, મધ્યસ્થ કાર્યાલય, બારડોલીની મુલાકાત લીધી હતી, સુરત જિલ્લા ભારતીય જનતા પાર્ટી સંગઠન ધ્વારા ગુજરાત પ્રદેશ ભાજપા ઉપાધ્યક્ષ તથા સુરત જીલ્લા ભાજપા પ્રભારી શ્રી ગૌતમભાઈ ગેડિયાજી, સુરત જીલ્લા ભાજપા પ્રમુખ શ્રી ભરતભાઈ રાઠોડ, મહામંત્રીશ્રીઓ જગદીશભાઈ પારેખ, રોહિતભાઈ પટેલ, અંકુરભાઈ દેસાઈ, તેમજ શુભેચ્છકો દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે સુરત જિલ્લા ભારતીય જનતા પાર્ટીના શીર્ષાસ નેતૃત્વ અને જિલ્લા પ્રમુખ શ્રી ભરતભાઈ રાઠોડએ બારડોલી સુગર ફેક્ટરીમાં વિજેતા થયેલા તમામ ડિરેક્ટરો ને શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું.કે, આ ખેડૂત સભાસદો ની મંડળી છે.અને સુગર મંડળીને પાર્ટી અને સરકારની જ્યાં જરૂર પડે ત્યાં ખેડૂતોના હિતમાં સંપૂર્ણ ખભે ખભે મિલાવી કાર્ય કરી સહયોગ આપવાની ખાતરી આપી હતી.અને વધુમાં સહકાર સંસ્થા નો વહીવટ અને પ્રવૃતિ સહકારિતા થી જ ચાલશે એમાં રાજકારણની કોઈ દાખલગીરી થશે નહીં.

# આરોગ્યમંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી

**ખોરાક અને ઔષધ નિયમન તંત્રની મોટી કાર્યવાહી: રાજ્યભરમાં ૧૮૭ રેસ્ટોરન્ટ્સમાં દરોડા દરમિયાન છ રેસ્ટોરન્ટ્સ સીલ, જ્યારે ૧૩૭ રેસ્ટોરન્ટ્સમાં ગંભીર કક્ષાની અસ્વચ્છતા અને બિનઆરોગ્યપ્રદ સ્થિતિને પગલે સંપૂર્ણ બંધ**



કમલમ્,

રાજ્યમાં જાહેર આરોગ્યની સુરક્ષા સુનિશ્ચિત કરવાના ભાગરૂપે ગાંધીનગર ખાતે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ઉચ્ચ અધિકારીઓ સાથે એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં મંત્રીશ્રીએ સ્પેશિયલ ડ્રાઈવ અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૧૮૭ રેસ્ટોરેન્ટ્સ પર કરવામાં આવેલી આકસ્મિક તપાસની વિગતો મેળવી હતી. આ તપાસ દરમિયાન ૧૩૭ જેટલી રેસ્ટોરેન્ટ્સમાં ગંભીર કક્ષાની અસ્વચ્છતા અને બિનઆરોગ્યપ્રદ સ્થિતિ જણાતાં, જાહેર આરોગ્યના હિતને સર્વોપરી રાખીને તંત્ર દ્વારા આ તમામ રેસ્ટોરેન્ટ્સને તાત્કાલિક અસરથી બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

આ ઉપરાંત, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નિયમોનો ભંગ કરનાર બે રેસ્ટોરન્ટ્સને, રાજકોટ જીલ્લામાં એક અને નડિયાદ જીલ્લામાં ૩ રેસ્ટોરેન્ટને એમ કુલ ૬ રેસ્ટોરેન્ટને સીલ કરવામાં આવી છે., જ્યારે અન્ય ૪૦ રેસ્ટોરન્ટ્સને ક્ષતિઓ સુધારવા માટે ઈમ્પ્રુવમેન્ટ નોટિસ આપવામાં આવી છે અને ચાર રેસ્ટોરન્ટ્સના લાયસન્સ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. સુરત મહાનગરપાલિકા (SMC) ના આરોગ્ય વિભાગના ફૂડ સેફ્ટી ઓફિસર અને સેનિટેશન સ્ટાફની સંયુક્ત ટીમો દ્વારા શહેરના તમામ ઝોનમાં ૨૦૯ હોટેલ-રેસ્ટોરેન્ટ અને ૩૪ ઢાબામાં સઘન ઈન્સ્પેક્શન ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન કિચનની સાફ-સફાઈ, વાસી ખોરાક, મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ અને ડેરી પ્રોડક્ટ્સ અંગેના ડિસ્પ્લે બોર્ડની ચકાસણી કરીને કુલ ૫૪૮ કિલો અખાદ્ય ખોરાકના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો તેમજ ૧૨૮ હોટેલ-રેસ્ટોરન્ટને નોટિસ ઈસ્યુ કરી રૂ. ૪,૪૩,૮૦૦/- નો વહીવટી દંડ વસૂલવામાં આવ્યો હતો.

આ ઉપરાંત સાફ-સફાઈ અને ગંભીર ખામીઓ ધરાવતી ૪૩ હોટેલ-રેસ્ટોરન્ટ તાત્કાલિક ધોરણે બંધ કરાવવામાં આવી છે. સુરતના વરાછા વિસ્તારમાં ગત ૧૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બનેલી ફૂડ પોઈઝનિંગની ગંભીર ઘટનામાં પાંચ વર્ષની માસૂમ બાળકીનું દુ:ખદ અવસાન થતાં રાજ્ય સરકારે આ બાબતને અત્યંત ગંભીરતાથી લીધી છે. આ કરૂણ દુર્ઘટનાને પગલે આરોગ્યમંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ કડક વલણ અપનાવતા સમગ્ર રાજ્યની તમામ રેસ્ટોરન્ટ્સમાં ખોરાકની ગુણવત્તા અને અસ્વચ્છતા અંગે સઘન ચકાસણી હાથ ધરવા માટે ખાસ ડ્રાઈવ યોજવાના આદેશ આપ્યા છે. રાજ્યનું ખોરાક અને ઔષધ નિયમન તંત્ર જાહેર જનતાના સ્વાસ્થ્ય અને સુરક્ષા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે. નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરતા, ભેળસેળિયા તેમજ કાયદા વિરુદ્ધ પ્રવૃત્તિઓમાં સંકળાયેલા અસામાજિક તત્વો સામે આગામી સમયમાં પણ આ પ્રકારની કડક કાયદેસરની કાર્યવાહી અવિરતપણે ચાલુ રાખવામાં આવશે, તેમ ખોરાક અને ઔષધ નિયમન તંત્રની યાદીમાં જણાવાયું છે.

# CIDSCON 2026 ગાંધીનગરમાં ચેપી રોગોનાં અગ્રણી નિષ્ણાતોને એક મંચ પર લાવશે

**આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ્લ પાનશેરિયા ૨૨ ઓગષ્ટનાં રોજ કોન્ફરન્સનું ઉદ્ઘાટન કરશે**



**૨૦ ઓગસ્ટથી વિશેષ વર્કશોપ સાથે શરૂ થનારી ચાર દિવસીય પરિષદમાં ચેપી રોગોની સારવારના વિવિધ પાસાઓ પર ચર્ચા થશે**

**આર્ટિફિશિય ઇન્ટેલિજન્સ (AI) પર પણ વિશેષ વર્કશોપ યોજાશે, જેમાં લાર્જ લેંગ્વેજ મોડલ્સ (ન્ન્ર)થી આગળ AIના ઉપયોગ અને ચેપી રોગોની તબીબી પ્રેક્ટિસમાં તેની સંભવિત ભૂમિકા અંગે ચર્ચા થશે**

કમલમ્, ગાંધીનગર

ક્લિનિકલ ઈન્ફેક્શિયસ ડિસીઝિસ સોસાયટી (Clinical Infectious Diseases Society)ની ૧૬મી વાર્ષિક પરિષદ CIDSCON 2026નું આયોજન ૨૦થી ૨૩ ઓગસ્ટ દરમિયાન ગાંધીનગરના મહાત્મા મંદિર કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટર ખાતે કરવામાં આવશે. આરોગ્યમંત્રીશ્રી પ્રફુલ પાનશેરિયા કોન્ફરન્સનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે આરોગ્યમંત્રી શ્રી પ્રફુલ પાનશેરિયા એન્ટિમાઈક્રોબિયલ રેઝિસ્ટન્સ અને એન્ટિમાઈક્રોબિયલ સ્ટુઅર્ડશીપ પર નિષ્ણાંતો દ્વારા લખાયેલા પુસ્તકનું વિમોચન પણ કરશે. આ પરિષદમાં ભારત તથા વિદેશમાંથી ચેપી રોગોના અગ્રણી નિષ્ણાતો, તબીબો, સંશોધકો, માઈક્રોબાયોલોજિસ્ટો અને આરોગ્ય ક્ષેત્રના વ્યવસાયિકો એકત્રિત થશે. ચાર દિવસીય આ પરિષદ વૈજ્ઞાનિક જ્ઞાનના આદાન-પ્રદાન, ઉભરતા પડકારો પર ચર્ચા તથા ચેપી રોગોના નિદાન, નિવારણ અને સારવાર ક્ષેત્રે થયેલી પ્રગતિની વહેંચણી માટે એક મહત્વપૂર્ણ મંચ પૂરું પાડશે. પરિષદમાં ભારત સાથે સંબંધિત વિશિષ્ટ મુદ્દાઓ પર પણ વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. કાર્યક્રમમાં દેશના જાણીતા નિષ્ણાતો ઉપરાંત અમેરિકા અને સિંગાપોર સહિતના દેશોના આંતરરાષ્ટ્રીય ફેકલ્ટી પણ ભાગ લેશે. પરિષદની શરૂઆત ૨૦ ઓગસ્ટે ચેપી રોગોની તબીબી પ્રેક્ટિસના વિવિધ પાસાઓને આવરી લેતા વિશેષ વર્કશોપની શ્રેણી સાથે થશે. આ વર્કશોપમાં નિષ્ણાતોના સત્રો, કેસ આધારિત ચર્ચાઓ અને પ્રાયોગિક તાલીમ આપવામાં આવશે. પરિષદના મુખ્ય ઉભરતા વિષયોમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો પણ સમાવેશ થાય છે. AIને સમર્પિત વર્કશોપમાં હાલના AI પરિદૃશ્ય, લાર્જ લેંગ્વેજ મોડલ્સથી આગળ તેના વિવિધ ઉપયોગો, ચેપી રોગોની તબીબી પ્રેક્ટિસમાં તેના વ્યવહારુ ઉપયોગ અને માનવીય તબીબી નિર્ણય લેવાની પ્રક્રિયાની સરખામણીમાં છેનીં સંભવિત ભૂમિકા અંગે ચર્ચા કરવામાં આવશે. ભાગ લેનારાઓ પ્રાયોગિક પ્રોજેક્ટો અને સમસ્યા ઉકેલવાની કવાયતોમાં પણ ભાગ લેશે. મુખ્ય પરિષદના કાર્યક્રમમાં ચેપી રોગોને લગતા વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓને આવરી લેવામાં આવશે. તેમાં એન્ટિમાઈક્રોબિયલ રેઝિસ્ટન્સ (AMR), ઉષ્ણકટિબંધીય ચેપ, ક્ષયરોગ, HIV, ફૂગજન્ય ચેપ, વાઈરોલોજી, ચેપ નિયંત્રણ, એન્ટિમાઈક્રોબિયલ સ્ટ્યુઅર્ડશિપ અને રોગપ્રતિકારક શક્તિ ઓછી ધરાવતા દર્દીઓમાં થતા ચેપ જેવા વિષયોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત નેક્સ્ટ જનરેશન સિક્વન્સિંગ, ફેજ થેરાપી અને છે આધારિત ક્લિનિકલ પ્રેક્ટિસ જેવી ઉભરતી ટેક્નોલોજી પર પણ સત્રો યોજાશે. ૨૨ ઓગસ્ટે યોજાનાર વિશેષ સત્રમાં ગુજરાતમાં એન્ટિમાઈક્રોબિયલ રેઝિસ્ટન્સને નિયંત્રિત કરવા માટેની વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાના પ્રયાસો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ સત્રમાં રાજ્યની પહેલો, ગુજરાત સ્ટેટ AMR સર્વેલન્સ નેટવર્ક (GUJSAR-N), એન્ટિમાઈક્રોબિયલ સ્ટ્યુઅર્ડશિપ કાર્યક્રમના મોનિટરિંગ તથા AMR ડેશબોર્ડ દ્વારા લેબોરેટરી ડેટા આધારિત રોગ સર્વેલન્સ અંગે ચર્ચા કરવામાં આવશે. વૈજ્ઞાનિક કાર્યક્રમમાં પડકારજનક કેસ અંગેની ચર્ચાઓ, નિષ્ણાતો સાથે સંવાદ, એવોર્ડ પ્રેઝન્ટેશન, પોસ્ટર રાઉન્ડ તેમજ અનુસ્નાતક વિદ્યાર્થીઓ અને ફેલોઝ માટેના વિશેષ સત્રો પણ યોજાશે. ૨૩ ઓગસ્ટે વેલેડિક્ટરી સેશન સાથે પરિષદનું સમાપન થશે, ત્યારબાદ લંચનું આયોજન કરવામાં આવશે. આયોજક સમિતિના અધ્યક્ષ ડૉ. અતુલ કે. પટેલ, સહ-આયોજક અધ્યક્ષ ડૉ. હર્ષ તોશનીવાલ અને આયોજક સચિવ ડૉ. સુરભી મદનના નેતૃત્વ હેઠળ યોજાનારી CIDSCON 2026 ચેપી રોગોની સારવાર ક્ષેત્રે વ્યાવસાયિક સહયોગ અને પ્રગતિ માટે એક મહત્વપૂર્ણ મંચ પૂરું પાડશે તેવી અપેક્ષા છે. આ કાર્યક્રમમાં CIDS નાં પ્રમુખ સુબ્રમનિયન સ્વામીનાથન, સચિવ ડૉ. નેહા ગુપ્તા, ખજાનચી ડૉ. કવિથા સરાવુ, ઓર્ગેનાઈઝીંગ ચેરમેન ડૉ. અતુલ પટેલ, ઓર્ગેનાઈઝીંગ કો.ચેરમેન ડૉ. હર્ષ તોશનીવાલ, ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી ડૉ. સુરભી મદન, કો-ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરીઓ ડૉ. વિપુલ શાહ, ડૉ. મનોજ સેવકાની અને ડૉ. સ્વાતી ગોહેલ ઉપસ્થિત રહેશે.

